# હિંમતનગરમાં એક્ટીવા તથા મોબાઈલ ચોરને ૨૮ હજારના મુદ્દા માલ સાથે દબોચ્યો

## પોલીસે સીસીટીવી કેમેરાના ફૂટેજ મેળવી પોકેટ કેપ તથા ગુનાના રેકર્ડ આધારે બાતમી દ્વારા અરવલ્લી જિલ્લાના રીઢા ચોરને ઝડપી પાડ્યો

હિંમતનગર (બ્યુરોઓફિસ) તા.૧૩

ગાંધીનગર રેન્જ આઈજી અભય ચુડાસમા તથા સાબરકાંઠા પોલીસ અધિક્ષક નીરજકુમાર બડગુજરે સાબરકાંઠા જિલ્લામાં બનતા મિલકત સંબંધી ગુનાઓ શોધી કાઢવા તથા ગુના બનતા અટકાવવા આપેલી સૂચનાને પગલે એલસીબી પીઆઇ એમ.બી ચંપાવતી એલસીબી શાખા પોલીસના માણસોની ટીમ બનાવી હતી

તારીખ ૧૨/૦૬/૨૦૨૧ ના રોજ ફરિયાદી એકટીવા ઉપરથી સ્લીપ ખાઈ જતા સારવાર સારું લઈ જતા હતા તે દરમિયાન અજાણ્યા ઈસમે ફરિયાદીને તમારી એકટીવા લઈને તમારી પાછળ આવું છું એમ કહી ફરિયાદીની એકટીવા તથા મોબાઈલ ફોન મળી કુલ કિંમત રૂ. ૨૮૦૦૦/- ના મતાની ચોરી કરી ફરાર થઈ જવાની ઘટના સંબંધિત હિંમતનગર એ ડિવિઝન પોલીસ મથકે નોંધાયેલ ગુનાના અનુસંધાને પોલીસે તપાસમાં ગુનાવાળી જગ્યાની આસપાસ સીસીટીવી કેમેરાના ફૂટેજ મેળવી પૂરતા પ્રયત્નો હાથ ધરી ખાનગી રાહે બાતમીદાર રોકીને ચોરીમાં ગયેલ એકટીવા તથા મોબાઈલ ફોન તથા અજાણ્યા આરોપી બાબતે તપાસ દરમિયાન બાતમીના આધારે કલ્પેશભાઈ ગોવિંદભાઈ ધુળાભાઈ ઘેલાત ઉંમર વર્ષ - ૨૬ રહે ગોરવાડા , ઔડા સરહદ ઉપર , કાવજી ઘેલાતના મકાનની બાજુમાં તાલુકો - :મેઘરજ જીલ્લો - અરવલ્લી ને સફેદ કલરના એકટીવા તથા એક્ટિવાની ડેકીમાં રેડમી કંપનીના મોબાઈલ સાથે પકડી પોકેટ કોપ તથા ગુના રેકર્ડ આધારે ખાતરી કરી સદર એકટીવા તથા મોબાઈલ ફોન ચોરીનું હોવાનું માલુમ પડતા એકટીવા કિંમત રૂપિયા ૨૦૦૦૦/- તથા મોબાઈલ ફોન કિંમત રૂપિયા ૮૦૦૦/- મળી કુલ કિં.રૂ. ૨૮૦૦૦)- હજારનો મુદ્દામાલ સીઆરપીસી કલમ ૧૦૨ મુજબ વધુ તપાસ અર્થે કબજે કરી આરોપી કલ્પેશ ભાઈ ગોવિંદભાઈ ધુળાભાઈ ઘેલાત વિરુદ્ધ સી.આર.પી.સી કલમ ૪૧(૧)એ મુજબ અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



# ઉત્તર ગુજરાતમાં ઓનલાઈન ગર્ભપાતની કિટ-નશીલી દવાનો વેપલો, ફરી દવા બજાર બદનામ થશે

### ડીસા એ.પી. સેન્ટર હોવાની સંભાવના..!!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૩

એમેઝોન પોર્ટલ મારફતે ઓનલાઈન ગર્ભપાતની કિટ-નશીલી દવા વેચવાના કૌભાંડનો પર્દાફાશ થયા પછી ખળભળાટ મચ્યો છે. રેલો ઉત્તર ગુજરાત સુધી આવ્યો છે. ડીસા એ.પી. સેન્ટર હોવાની સંભાવના વ્યક્ત થઈ છે. અગાઉ કોરોનાના કપરા કાળમાં રેમડેસિવિર ઈન્જેક્શનના કાળા બજારમાં કેટલાક કેમીસ્ટો અને મળતિયાઓની સંડોવણી બહાર આવ્યા પછી ગર્ભપાત કિટ અને નશીલી દવાઓમાં પણ દવા બજારના કેટલાક લોકોના હાથ કાળા થવાની દહેશત સેવાય છે. પોલીસ દ્વારા કિટ-નશીલી દવા વેચતા ૮ આરોપીઓને દબોચી તપાસ શરૂ થઈ છે પરંતુ તપાસમાં સાચી હકીકતો અને મુખ્ય ગુનેગારોના નામ બહાર આવશે ખરા..??

રાજ્યના ખોરાક અને ઔષધન નિયમન વિભાગને મળેલી બાતમીના આધારે રાજ્યના ૩ થી ૪ સ્થળે દરોડા પાડી એમેઝોનના સહારે ગર્ભપાત કરવાની કિટ અને નશીલી દવાઓનું વેચાણ કરતા વેપારીઓના ત્યાં દરોડો પાડી રૂા.૧.૫૦ કરોડથી વધુની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરાયો છે. જેમાં ઉત્તર ગુજરાતના ડીસાના કરણી ડીસ્ટ્રીબ્યુટર્સ ડીસાના માલિક અને પર્સન ઈન્ચાર્જ રાજેશ યાદવ, નિલય બોરા તેમજ તુષાર શૈલેષ ઠક્કર, ઉમિયા સર્જીકલના મોનિષ પંચાલ સહિત કુલ-૮ આરોપીઓ સામે ગુનો નોંધવામાં આવ્યો હતો. તપાસ દરમ્યાન આરોપીઓ છેલ્લા ૨ વર્ષથી ઓનલાઈન એમેઝોન પોર્ટલ મારફતે કોઈપણ પ્રકારના નિયમોના પાલન કર્યા વગર ગેરકાયદે રીતે દવાનું તેમજ કિટનું ઓનલાઈન પેમેન્ટ કરી વેચાણ કરતા હોવાનું બહાર આવ્યું છે. ડીસામાંથી ગર્ભપાતની કિટો મેળવતા હોવાનું પણ તપાસ દરમ્યાન બહાર આવ્યું છે. આ સંજોગોમાં આવનારા દિવસોમાં ગેરકાયદે ગર્ભપાતની કિટના વેચાણનો રેલો સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને અરવલ્લી જિલ્લાને હચમચાવે તેવી દહેશત છે. અગાઉ રેમડેસિવિર ઈન્જેક્શનના કાળા બજાર પ્રકરણમાં પોલીસ દ્વારા અનેક લોકોને દબોચ્યા પછી સમગ્ર મામલો દબાયા જેવી સ્થિતિ છે. આ સંજોગોમાં ગર્ભપાતની કિટ અને નશીલી દવાના કારોબારીઓ ઉપર તપાસ અધિકારી અને તેમની ટીમ યોગ્ય કાર્યવાહી નહીં કરે તો પ્રજાનો ભરોસો ડગમગે તેવી પૂરી સંભાવના છે.

# આકરૂન્દ પી એચ સી ખાતે ૧૮ થી ૪૪ વર્ષના ૨૦૦ લોકોનું રસીકરણ



ધનસુરા, તા. ૧૩

આકરૂન્દ પી એચ સી ખાતે તારીખ-૧૩-૬-૨૦૨૧ ના રોજ ૧૮ થી ૪૪ વર્ષ ના ૨૦૦ લોકોનું રસીકરણ કરવામાં આવ્યું હતું .

રસીકરણ માટે પ્રથમ સેસન માં ફાળવામાં આવેલ ૨૦૦ ડોઝ નું રસીકરણ કરાયું હતું જેમાં યુવાનોએ ઉત્સાહ ભેર ભાગ લીધો હતો અને ૧૮ થી ૪૪ વર્ષ ના લોકોનું રસીકરણ કરવામાં આવ્યું હતું જેથી આકરૂન્દ ગામ ના સરપંચ લલીતાબેન એમ પટેલ એ ગામવતી આકરૂન્દ પી એચ સી ના મેડિકલ ઓફિસર અને તમામ હેલ્થ વર્કરો નો આભાર માન્યો હતો.

# કોરોના પોઝિટિવ ઈફેક્ટ : જિલ્લામાં દોઢ વર્ષમાં ૧૬,૦૦૦ સાયકલનું વેચાણ

## મધ્યમની સાથે હવે શ્રીમંત વર્ગ પણ સાયકલ પ્રત્યે આકર્ષાયો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૩

કોરોનાથી સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની પ્રજા ઉપર કોરોના હાવિ થયો અને સંક્રમણ ઘટ્યું છે પરંતુ પ્રજા પોતાના આરોગ્ય માટે સભાન બની છે. કોરોનામાં તમામ ધંધા-રોજગાર ઠપ્પ થયેલા છે ત્યારે કોરોના પોઝિટિવ ઈફેક્ટ પણ જોવા મળી. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં સાયકલના વેચાણમાં છેલ્લા દોઢ વર્ષમાં બમ્પર વધારો થયો છે. ૧૬,૦૦૦થી વધુ સાયકલોનું વેચાણ થયાનું સાયકલ વિતરકો પાસેથી જાણવા મળ્યું છે. ગરીબ પછી મધ્યમ વર્ગ સાયકલ તરફ વળ્યો હતો પરંતુ હવે શ્રીમંતોએ પણ સાયકલ પ્રત્યે પોતાનું આકર્ષણ દેખાડ્યું છે.




એક સમય એવો હતો કે જાણીતી કંપનીની સાયકલો સુખી-સંપન્ન, મધ્યમ અને અમીર વર્ગના ત્યાં જોવા મળતી હતી. પરંતુ કહેવત છે કે દરેકનો દશકો હોય છે. છેલ્લા ૨ દાયકાથી દ્વિ-ચક્રી તેમજ લાઈટ વાહનોનો ક્રેઝ વધ્યો જેના કારણે ગરીબ અને મધ્યમ વર્ગના ત્યાં પણ દ્વિ-ચક્રી વાહનો જોવા મળ્યાં. જેના કારણે સાયકલના વેચાણને માઠી અસર થઈ અનેક જાણીતી કંપનીઓએ સાયકલનું ઉત્પાદન બંધ કર્યું તો કોઈક કંપનીઓ નાદાર થઈ ગઈ. પરંતુ ગત માર્ચ-૨૦૨૦થી જિલ્લામાં કોરોના ડોકાયો અને દોઢ વર્ષ પછી પણ જિલ્લામાં સતત કોરોનાની હાજરી જોવા મળી. અગાઉના આકરા લૉકડાઉનમાં પ્રજાને ઘરની બહાર નિકળવા ઉપર સખત પાબંધી લગાવવામાં આવી. જેના કારણે અનેક લોકોનું ઘરમાં રહેવાના કારણે વજન વધ્યું, બિમારીનું પ્રમાણ વધ્યું અને જ્યારે અનલૉક-૧.૦થી અનલૉક-૫.૦ સુધીમાં છૂટછાટ આવી એટલે ઘરમાં પુરાઈ રહેલા લોકોએ પોતાનું વજન ઘટે અને સારૂ હેલ્થ રહે તે માટે સાયકલ ખરીદવાના નિર્ણય કર્યા. બાયડ થી પોશીના સુધીના સાયકલ વિતરકોના ત્યાં સુખી સંપન્ન લોકોએ સાયકલ ખરીદી. બંન્ને જિલ્લામાં ૧૬,૦૦૦ થી વધુ સાયકલોનું શાળાના વિદ્યાર્થીઓ સિવાય વેચાણ થયાનું જાણવા મળ્યું છે. પરોઢે અને સમી સાંજે અનેક લોકો સાયકલ હંકારીને પોતાના સ્વાસ્થ્યને વધુ સારૂ બનાવવાનો પ્રયાસ કરતા જોવા મળી રહ્યા છે. એટલે કહેવાનું મન થાય કે કોરોના સાયકલ ઉદ્યોગને ફળ્યો છે.

# વિજ કરંટથી મોત : માલપુરના જીવદયા પ્રેમી પરિવારને પૂર્વ ધારાસભ્ય દ્વારા મદદ

### બાયડનો જોષી પરિવાર પણ મદદ માટે આગળ આવ્યો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૩

માલપુરમાં વિજ તારમાં સપડાયેલા પક્ષીને બચાવવા જતાં વિજ કરંટ લાગવાથી જીવદયા પ્રેમી દિલીપભાઈ દેવીપૂજકનું મોત નિપજતાં સમગ્ર જિલ્લામાં અરેરાટી વ્યાપી છે. રાજ્યના શિક્ષણ મંત્રીએ જીવદયા પ્રેમીના પરિવાર ઉપર સાંત્વના દાખવી આર્થિક મદદ કર્યા પછી બાયડના પૂર્વ ધારાસભ્ય ધવલસિંહ ઝાલાએ મૃતકના પરિવારને રૂા.૧૧,૦૦૦ની સહાય કરી હતી. જ્યારે બાયડની વલ્લભનગર સોસાયટીમાં રહેતા દિપકભાઈ જોષી પરિવારે પણ જીવદયા પ્રેમી પરિવારને યથાયોગ્ય મદદ માટે આગળ આવ્યો છે.



માલપુરમાં ૪ દિવસ અગાઉ જીવિત વિજ વાયરમાં લપેટાયેલા અને બચવા માટે તરફડીયાં ખાતા પક્ષીને જોઈને જીવદયા પ્રેમી દિલીપભાઈ દેવીપૂજક પોતાના પ્રાણની પરવા કર્યા વગર વિજ થાંભલા ઉપર જઈ પક્ષીને બચાવ્યું પરંતુ જીવલેણ કરંટમાં થાંભલા ઉપરથી પટકાઈ પડતાં જીવદયા પ્રેમી મોતને ભેટ્યા. સમગ્ર ઘટનાનો વિડીયો વાયરલ થયા પછી રાજ્યભરમાં જીવદયા પ્રેમીની લાગણી જોઈ અસંખ્ય લોકોની આંખો ભરાઈ આવી. અત્યંત ગરીબ પરિવારનો મુખ્ય મોભી વિજ કરંટથી મોતને ભેટતાં સ્થાનિકોએ મદદ કરવાનું શરૂ કર્યું અને હવે રાજકીય આગેવાનો પણ મદદ માટે આગળ આવ્યા છે. બાયડના પૂર્વ ધારાસભ્યએ રવિવારે મૃતકના પરિવારને સાંત્વના આપી મદદનો ચેક આપ્યો ત્યારે ઉપસ્થિત લોકોની આંખો ભીંજાઈ હતી.

## અવસાન નોંધ



બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૩

બાયડ : બાયડ તાલુકાના દખણેશ્વર ગામના મોહનભાઈ પંચાલ, વિનુભાઈ પંચાલ, મંગળભાઈ પંચાલ, અમૃતભાઈ પંચાલ, સ્વ.સુરેશભાઈ પંચાલ, ગોપાલભાઈ પંચાલ, મહેશભાઈ પંચાલ, અશોકભાઈ પંચાલ અને ઈશ્વરભાઈ પંચાલના માતા કોદીબેન જેઠાભાઈ પંચાલનું ૧૦૫ વર્ષની વયે અવસાન થયેલ છે.

# ભાજપ જિલ્લા યુવા મોરચાના મહામંત્રી તરીકે ધનસુરાના અવધેશ પટેલની વરણી

ધનસુરા, તા. ૧૩

અરવલ્લી જિલ્લા ભાજપા યુવા મોરચા ના નવનિયુક્ત હોદેદારોની જાહેરાત કરાઈ હતી ભાજપ દ્વારા વિવિધ મોરચાની જાહેરાત કરાઈ છે જેમાં જિલ્લા યુવા મોરચા ના મહામંત્રી તરીકે ધનસુરાના અવધેશ સુરેશભાઈ પટેલની વરણી કરવામાં આવી હતી જિલ્લા ભાજપ પ્રમુખ રાજેન્દ્રભાઈ પટેલ એ યુવા મોરચાના પ્રમુખ અને મહામંત્રીની નિમણૂક કરી હતી જેમાં પ્રમુખ તરીકે અભિષ નગીનભાઈ પટેલ અને મહામંત્રી તરીકે ધનસુરાના અવધેશ સુરેશભાઈ પટેલ અને ભિલોડા તાલુકાના સચીન અમરતભાઈ બરંડા ની નિમણૂક કરવામાં આવી હતી અવધેશ પટેલ ભાજપના યુવા કાર્યકર છે અને કેટલાક વર્ષોથી ભાજપ માં સક્રિય છે પાર્ટીના તમામ કાર્યક્રમોમાં હાજર રહે છે જેથી પાર્ટી એ યુવા મોરચાના મહામંત્રી તરીકેની જવાબદારી સોપી છે તેમની નિમણૂક થતા અગ્રણીઓએ અભિનંદન પાઠવ્યા હતા.



### હિંમતનગરના દેરોલ ગામની ઘટના

# સ્કોર્પિયો ગાડી વચ્ચે બુલેટ મૂકી દેતા મામલો બિચક્યો

## નજીવી બાબતે તકરાર થતાં યુવાનને માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપતા ૬ શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધાઇ

હિંમતનગર (બ્યુરોઓફિસ) તા.૧૩

હિંમતનગરના દેરોલ ગામમાં ગતરોજ ૧૧ જૂન ૨૦૨૧ ના રોજ ગામના પાન પાર્લર ઉપર મસાલો ખાઈને સ્કોર્પિયો ગાડીમાં બેસવા જતા શખ્સની ગાડી આગળ બુલેટ પાર્ક કરતાં નજીવી બાબતે સર્જાયેલી તકરારને પગલે શખ્સને માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપતા હિંમતનગર ગ્રામ્ય પોલીસ મથકે ૬ શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધાવા પામી છે

પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી અનુસાર હિંમતનગર તાલુકાના દેલોલ ગામમાં ગતરોજ ૧૧ જૂન ૨૦૨૧ ના રોજ કિરપાલસિંહ ભગવત સિંહ ઝાલા ગામમાં આવેલ નટવરસિંહ જશવંતસિંહ રાઠોડ ના પાન પાર્લર ખાતે મસાલો ખાઈને સ્કોર્પિયો ગાડીમાં બેસવા જતા હતા ત્યારે મહાવીરજી ઉદય સિંહ ઝાલા તથા લગ્ધીરસિંહ પ્રતાપ સિંહ ઝાલા બંને શખ્સોએ તેઓનું બુલેટ લઈ આવી સ્કોર્પિયો આગળ મૂક્યું હતું જેને પગલે ફરિયાદીએ બુલેટ હટાવવાનું કહ્યુ હતું જેની અદાવત રાખી હર્ષવર્ધનસિંહ અનારસિસ ઝાલા , મહાવીરસિંહ ઉદયસિહ ઝાલા , અનારસિહ લક્ષ્મણસિંહ ઝાલા તથા ઉદેસિંહ લક્ષ્મણ સિંહ ઝાલા ફરિયાદીના ઘર આગળ આવી બિભત્સ ગાળો બોલી તું કેમ અમારા છોકરાઓને રસ્તામાં બુલેટ હટાવવાનું કહેતો હતો એમ કહી હર્ષવર્ધન સિંહ અનાર સિંહ ઝાલાએ તેના હાથમાંની લોખંડ ની ધાર વાળી પટ્ટી કપાળના ભાગે મારી ઈજા કરી હતી તથા બાકીના આરોપીઓએ જાનથી મારી નાખવાની ધમકીઓ આપી જતા રહ્યા હતા ત્યારબાદ ફરિયાદી સારવાર કરાવવા હિંમતનગર સિવિલમાં જતા હતા ત્યારે યશપાલસિંહ લક્ષ્મણ સિંહ ઝાલા તથા પ્રદ્યુમનસિંહ યશપાલસિંહ ઝાલા રસ્તામાં આવી હવે પછી અમારા છોકરાઓને રસ્તામાં આવતા જતા ટોક્યા છે તો પતાવી દઈશું તેવી ધમકીઓ આપતા હિંમતનગર એ ડિવિઝન પોલીસ મથકે તમામ છ શખ્સો વિરુદ્ધ ઈપીકો કલમ ૩૨૩ , ૩૨૪ , ૫૦૪ , ૫૦૬ (૨) ૧૧૪ તથા જી પી એક્ટ કલમ ૧૩૫ મુજબ ગુનો નોંધી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે

## જન્મદિને વધામણી



પર્હન હરીશકુમાર પરમાર
વડાલી, જિ.સાબરકાંઠા



માનવ એચ. બ્રહ્મભટ્ટ
(૪૬, શિવમ્ પાર્ક સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી



કમલેશભાઈ એસ. પટેલ
(પૂર્વ ચેરમેન : મોડાસા નાગરિક બેન્ક)
મોડાસા, જિ. અરવલ્લી



રવિભાઈ એન. પટેલ
(પ્રા. શિક્ષક : ખંભીસર)
ખંભીસર, તા.મોડાસા



જીજ્ઞેશ પટેલ
બાયડ, જિ.અરવલ્લી



પ્રિતેષભાઈ કે. વાળંદ
આકરૂન્દ, તા.ધનસુરા



સમીર પટેલ
(મૈત્રી પેથોલોજી લેબોરેટરી-બાયડ)
બાયડ (સાયરા)

**ઘરમાં રહો, સુરક્ષિત રહો...**